:–કલમ–૪(૧)(બી)(૪):– પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલા ધોરણો:–

**માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અને માહિતી અધિકાર નિયમ–૨૦૧૦ ના નિયમો અનુસાર અપીલીય કાર્યવાહી તથા કલમ–૨૫ હેઠળ સંકલિત માહિતી રવાના કરવાની કામગીરી.**

૨૫. (૧) કેન્દ્રીય માહિતી પંચે અથવા યથાપ્રસંગ રાજય માહિતી પંચે, દરેક વર્ષ પૂરું થયા પછી વ્યવહાર્ય હોય તેટલું ઝડપથી, તે વર્ષ દરમિયાનના આ અધિનિયમની જોગવાઇઓના અમલ પર અહેવાલ તૈયાર કરવો જોઇશે અને સમુચિત સરકારને તેની એક નકલ મોકલવીજોઇશે.

(૨) દરેક મંત્રાલયે અથવા વિભાગે, તેમની હકૂમતમાંના જાહેર સત્તાધિકારીઓની બાબતમાં, આકલમ હેઠળ અહેવાલ તૈયાર કરવા માટે જરૂરી હોય તેવી માહિતી એકઠી કરવી જોઇશે અનેકેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ રાજય માહિતી પંચને પૂરી પાડવી જોઇશે અને આકલમના હેતુઓ માટે તે માહિતી પૂરી પાડવા અને રેકોર્ડ રાખવા સંબંધિત જરૂરિયાતોનું પાલનકરવું જોઇશે.

(૩) દરેક રિપોર્ટમાં, તે રિપોર્ટ જે વર્ષને લગતો હોય તે વર્ષના સંબંધમાં નીચેની બાબતો જણાવેલી હોવી જોઇશે,

(ક) દરેક જાહેર સત્તાધિકારીને કરવામાં આવેલી વિનંતીની સંખ્યા;

(ખ) જયાં અરજદારો વિનંતી અનુસારના દસ્તાવેજો મેળવવા હકદાર ન હોય તેવા નિર્ણયોની સંખ્યા, આ અધિનિયમની જે જોગવાઇઓ હેઠળ આ નિર્ણયો કરવામાં આવેલા છે તે જોગવાઇઓ અને જેટલી વખત આ જોગવાઇઓનો પયોગ કરવામાં આવ્યો હોય તે સંખ્યા.

(ગ) કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને પુનર્વિલોકન કરવા માટે મોકલવામાં આવેલી અપીલની સંખ્યા, અપીલનો પ્રકાર અને અપીલનું પરિણામ;

(ઘ) આ અધિનિયમના અમલના સંબંધમાં કોઇ પણ અધિકારીની સામે લેવામાં આવેલ કોઇપણ શિસ્ત વિષયક પગલાંની વિગતો;

(ચ) આ અધિનિયમ હેઠળ દરેક જાહેર સત્તાધિકારી ધ્વારા એકઠા કરવામાં આવેલા ચાર્જીસનીરકમ;

(છ) આ અધિનિયમના ભાવ અને હેતુને લાગુ પાડવા અને અમલ કરવા માટે જાહેર સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલા પ્રયત્ન દર્શાવતી કોઇ પણ હકીકત;

(જ) આ અધિનિયમ અથવા બીજા કાયદા અથવા સામાન્ય કાયદા અથવા માહિતી મેળવવાના અધિકારનો અમલ કરવા સંબંધિત બીજી કોઇ બાબતના વિકાસ, સુધારા, આધુનિકીકરણ, નવરચના અથવા સુધારણા માટે, કોઇ ચોકકસ જાહેર સત્તાધિકારીને સંબંધિત ભલામણો સહિત, સુધારણા માટેની ભલામણો,

(૪) કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ રાજય સરકાર, દરેક વર્ષ પૂરું થયા પછી વ્યવહાર્ય હોય તેટલું ઝડપથી, પેટાકકલમ (૧)માં લ્લેખેલ કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ રાજય માહિતી પંચના અહેવાલની એક નકલ સંસદના દરેક ગૃહ સમક્ષ અથવા યથાપ્રસંગ જયાં રાજય વિધાનમંડળના બે ગૃહો હોય ત્યાં રાજય વિધાનમંડળના દરેક ગૃહ સમક્ષ અને જયાં રાજયવિધાનમંડળનું એક ગૃહ હોય ત્યાં તે ગૃહ સમક્ષ મુકાવી શકાશે.

(૫) કેન્દ્રીય માહિતી પંચ અથવા યથાપ્રસંગ, રાજય માહિતી પંચને એમ જણાય કે આ અધિનિયમ હેઠળના જાહેર સત્તાધિકારીના કાર્યોના અમલની બાબતમાં જાહેર સત્તાધિકારીનો વ્યવહાર આ અધિનિયમની જોગવાઇઓ અથવા ભાવના સાથે સુસંગત નથી તો, તે(પંચ), સત્તાધિકારીને તેમના(પંચના), અભિપ્રાય મુજબ આવી સંવાદિતા (સુંસગતતા)ને પ્રોત્સાહન આપવા માટે લેવા આવશ્યક હોય, તેવા પગલાં નિર્દિષ્ટ કરતી ભલામણ કરી શકશે.